# અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં પ્રિ-મોન્સૂન એકટીવટી ખેતરોના સીમાડા ધમધમ્યાં

## વાદળછાયા વાતાવરણથી લોકોમાં હાશકારો

અરવલ્લી, તા. ૯

દક્ષિણ ભારત કેરળમાં નૈઋત્ય નું ચોમાસુ ત્રણ દિવસ વહેલું સ્પર્શ કરતા અને મુંબઈમાં ચોમાસાના આગમનથી અરવલ્લી જીલ્લાના ખેડૂતો પણ આકાશે વાદળો ઘેરાતા ખેતીના કામ માં જોતરાઈ જતા ખેતરોના સીમાડા નજરે રાહ જોઈ રહ્યા છે

અરવલ્લી જીલ્લાનો ખેડૂતનો તાત સતત છેલ્લા ત્રણ દિવસથી વહેલી સવારે આકાશે જોવા મળતા કાળા ડિબાંગ વાદળો અને હવામાન વિભાગની આગાહી પગલે ખેતરોમાં ખેતીના કામમાં જોતરાઈ ગયા છે ખેતરમાં અપરએર સરકયુલેશન સિસ્ટમના પગલે હળવા થી ભારે ઝાપટા થવાની માહિતી હવામાન વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળી રહી છે દરમિયાન સતત વાદળછાયા વાતાવરણના પગલે ઉકળાટનું પ્રમાણ વધતા લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા છે



ધમધમી ઉઠ્યા છે.જીલ્લાના વાતાવરણમાં વાદળોની આવન-જાવન વચ્ચે અસહ્ય બફારો અને ઉકળાટ થતા લોકો પરસેવે રેબઝેબ થતા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે મંદ ગતિએ લહેરાતા પવનોથી આંશિક રાહત અનુભવતા જિલ્લાવાસીઓ વરસાદની ચાતક બળદ,હળ અને ટ્રેક્ટરની મદદ થી ખેતરમાં પ્લાવ મારવાની કામગીરી હાથધરી દેતા સીમાડા ધમધમી રહ્યા છે ચોમાસુ ખેતી પર નિર્ભર ભૂમિપુત્રો પણ વહેલા વરસાદની આશા બંધાતા ખેતરમાં ખેડવાની કામગીરી હાથધરી દીધી છે

અરબી સમુદ્રમાં સર્જાયેલ ચોમાસાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે વહેલી ટકે વરસાદ દસ્તક દે તેવું ખેડૂતો અને પ્રજાજનો આસ લગાવી બેઠા છે મોન્સૂન પ્રિ એક્ટિવિટીના પગલે પવનો સાથે ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો અને રાહદારીઓ યાતનાનો સામનો કરી રહ્યા છે.



## ઢળતી સંધ્યાએ સૂર્યદેવતાનો અદભુત નજારો

અરવલ્લી જીલ્લામા વાદળો અને સૂર્યદેવ ની રમાતી સંતાકૂકડી વચ્ચે આકાશે સાંજના સુમારે નયનરમ્ય નજારો જોવા મળે છે કુદરત પણ જાણે રંગ બદલીને માનવીય જીવનને અવનવા રંગો દ્વારા જાણે કાંઈ નવું શીખવવાનો પ્રયાસ કરતી હોય તેવું દ્રશ્ય અરવલ્લી જીલ્લાના માર્ગો પર સૂર્યાસ્ત સમયે નજારા સાથે સૂર્ય રંગો પ્રસરાવી ચાલતી પકડે છે અને સાથેજ માનવીઓ સહીત પશુ પક્ષીઓ પોતાના ઘોસલામાં પરત ફરવા મથામણ કરતા નજરે પડે છે.

# મોંઘવારી અને ખેડૂતોના પ્રશ્ને પાલનપુરમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

પાલનપુર, તા.૯

બનાસકાંઠામાં કોંગ્રેસ દ્વારા ખેડૂતો ના વિવિધ પ્રશ્નો અને વધતી જતી મોંઘવારીને લઈને ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અને મામલતદારને આવેદનપત્ર ઉઠાવે છે ત્યારે તેઓ પર દમન ગુજારવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. આજે ડીસા , પાલનપુર સહિત સમગ્ર જિલ્લામાં તાલુકા કક્ષાએ કોંગ્રેસે શહેરના મુખ્ય માર્ગો પર રેલી યોજી ન મળતા ખેડતો ની હાલત દયનિય છે. ત્યારે અગાઉ કોંગ્રેસની સરકારમા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા હતા. જે આ સરકાર મા નથી મળતા જેને લીધે ખેડૂતો પાયમાલ થયા છે જેને લઈ આજે કોંગ્રેસ સાથે મળી



પાઠવ્યું હતું. ખેડૂતોને જમીન સંપાદનનું યોગ્ય વળતર મળતું નથી, ખેત ઉપજ ના પૂરતા અને પોષણક્ષમ ભાવો મળતા નથી, દલિતો પર અત્યાચાર, મોંઘવારી સહિતની સમસ્યાઓને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપો સાથે આજે બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયુંહતું.

જ્યારે દલિતો કે ખેડૂતો સરકાર ના અન્યાય સામે અવાજ વિરોધ દર્શાવ્યો હતો. અને બાદમાં મામલતદાર ને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. અને જો સરકાર તાત્કાલિક ખેડૂતો ની સમસ્યાઓ નહીં ઉકેલે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવીએ ઉચ્ચારી હતી.

બનાસકાંઠાના ખેડૂતોની જમીન જે રી-સર્વે મા કપાઈ રહી છે.અને આ જમીનોના યોગ્ય ભાવ ખેડૂત અગ્રણીઓએ કલેકટરને રજુઆત કરી હોવાનું પ્રદેશ કોંગ્રેસ અગ્રણી વિરજીભાઈ જુડાલે જણાવ્યું હતું. એક તરફ ભાજપ સરકાર ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી ની તૈયારી કરી રહ્યું છે. ત્યારે બીજી તરફ કોંગ્રેસ વિવિધ મુદ્દાઓ ને લઈ ભાજપ ને ઘેરવાના મુડમાં છે ત્યારે ભાજપ ખેડૂતોની સમસ્યાઓ કેટલી ગંભીરતાથી લે છે તેતો સમય જ બતાવશે.

# પ્રાંતિજના ઝાલાની મુવાડી ખાતે સુજલામ- સુફલામ્ કેનાલમાં ગયેલ જમીનનું વળતરથી ખેડૂત વંચિત

## તંત્ર દ્વારા તાકિદે પગલાં નહીં ભરાય તો ખેડૂત દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ના ઝાલાની મુવાડી ખાતે આવેલ જમીનમાંથી જેતે સમયે પ્રસાર થયેલ સુજલામ- સુફલામ્ કેનાલમાં ગયેલ જમીનનું વળતર અનેક વાર રજુઆતો બાદ આજદીન સુધીના ચુકવાતા ખેડૂતદ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ની ચિમકી આપી છે..

ગુજરાત સહિત દેશભરમાં હાલ ખેડૂતો દ્વારા પોષણભાવ, લોન માફી, પેટ્રોલ- ડિઝલના વધતાં જતાં ભાવો સહિત ને લઈને ખેડૂતો ખેતી મૂકીને આંદોલન માં જોડાયાં છે ત્યારે પ્રાંતિજ ના ઝાલાની મુવાડી ખાતે છેલ્લાં કેટલાય વર્ષોથી સુજલામ્- સુફલામ્ કેનાલમાં ગયેલ જમીન નુ વળતર માટે ખેડૂત દ્વારા અનેક વાર રજુઆતો કરવા છતા આજદીન સુધી તંત્ર દ્વારા જમીન વળતરના ચુકવાતા આખરે જમીન માલિક ઈન્દ્રસિંહ બાલુસિંહ પરમાર રહે. ઝાલાની મુવાડી દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન ને જવાની ચિમકી આપી છે.

# પાલનપુર- દાંતા હાઈવે પર બાઈક પર પીછો કરી જલોત્રાના દંપતિને લૂંટી લેવાયું

## અંધારિયા ગામના બે શખ્સો સામે ફરિયાદ

પાલનપુર, તા.૯

અંબાજીથી બાઈક લઈને આવી રહેલા જલોત્રાના દંપતિને અંધારિયાના બે શખ્સોએ બાઈક પર પીછો કરી રસ્તામાં લૂંટી લીધુ હતુ. તેમજ પરણિતા સાથે બિભત્સ અડપલા પણ કર્યા હતા. આ અંગે પરીણિતાએ વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડગામ તાલુકાના જલોત્રા ગામનું એક દંપતિ તાજેતરમાં અંબાજીથી દર્શન કરી સાંજના સુમારે બાઈક ઉપર પરત ફરી રહ્યા હતા. ત્યારે અંધારિયા ગામના શિરપાલસિંહ મોડનસિંહ ડાભી અને કિરણસિંહ ડાભીએ તેમના બાઈક ઉપર દંપતિનો પીછો કર્યો હતો. અને ધોરી ગામ નજીક બાઈક ઉપરથી બંનેને નીચે પાડી મારમાર્યો હતો. તેમજ પરીણિતા સાથે શારિરીક અડપલા કરી સોનાની ચેઈન, પાકીટની લૂંટ કરી હતી. જ્યાં બંનેએ બુમાબુમ કરતાં આ બંને શખ્સો નાસી છુટ્યા હતા. આ અંગે પરીણિતાએ વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસા પાલિકાના પ્રમુખપદે ભાજપનાં શિલ્પાબેન માળી : કાંતિલાલ સોની ઉપપ્રમુખ

ડીસા, તા.૯

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં આજે નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. અઢી વર્ષની પ્રથમ ટર્મ પુરી થતા આજે અઢી વર્ષની બીજી ટર્મના પ્રમુખ તરીકે શિલ્પાબેન માળી જ્યારે ઉપપ્રમુખ તરીકે કાંતિભાઈ સોનીની બિનહરીફ વરણી કરાઈ હતી.

બનાસકાંઠાની રાજકીય છેલ્લા એકમાસથી ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ભાજપના સભ્યો એડીચોટીનું જોર લગાવી રહ્યા હતા ત્યારે ભાજપના મોવડી મંડળે પ્રમુખ અને ઉપપ્રમુખ માટે આજે મેન્ડેડ જાહેર કર્યું હતું. પાર્ટીના મોવડી મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલા મેન્ડેડને લઈ ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી અને બનાસકાંઠા જીલ્લા સોનીને મેન્ડેડ ફાળવ્યો હતો. જોકે કોંગ્રેસ કે અપક્ષ સભ્યોમાંથી કોઈએ ઉમેદવારી ન નોંધાવતા શિલ્પાબેન માળીને પ્રમુખ તરીકે જયારે કાન્તિલાલ સોનીને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરાયા હતા.ડીસા નગરપાલિકામાં શિલ્પાબેન માળી બીજી વખત ચૂંટણી લડ્યા હતા અને બંને વાર વિજેતા થયા બાદ બીજી વખત પ્રમુખ સ્થાન મેળવનાર પ્રથમ મહિલા બન્યા છે.. જયારે સતત બે



લેબોરેટરી ગણાતી ડીસા નગરપાલીકાની બીજી ટર્મમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે છેલ્લા ઘણા સમયથી સસ્પેન્સ ચાલી રહ્યું હતું.. ત્યારે આજે આ સસ્પેન્સનો અંત આવ્યો છે. ભાજપની બહુમતી ધરાવતી ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે આજે અગ્યાર વાગ્યે ચૂંટણી યોજાઈ હતી. ભાજપના મહામંત્રી ભારતસિંહ ભટેસરિયા પાલિકા કચેરીએ પહોંચ્યા હતા. ત્યારબાદ ડીસા નગરપાલિકાના સભા ખંડમાં પાલિકાના સભ્યો અને અધિકારીઓની હાજરીમાં ચૂંટણી યોજાઈ હતી.જેમાં ભાજપ મોવડી મંડળે પ્રમુખ તરીકે શિલ્પાબેન માળી જયારે ઉપપ્રમુખ તરીકે કાન્તિલાલ ટર્મથી ભાજપમાંથી ચૂંટાઈ આવતા કાન્તિલાલ સોનીને ઉપપ્રમુખ તરીકે પસંદ કરાતા તેમના સમર્થકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.આ પ્રસંગે પ્રમુખ અને ઉપપ્રમુખે પાલિકા સદસ્યોનો તેમજ ભાજપના હોદેદારોનો આભાર વ્યક્ત કરી ડીસા શહેરના વિકાસને વધુ વેગ આપવાની ખાતરી આપી હતી.

# પ્રાંતિજના રણછોડ પુરા ખાતે બદલી પ્રકરણે શાળા પ્રારંભે જ તાળાબંધી

## ૧ થી ૭ ધોરણમાં - ૨૬ બાળકો વચ્ચે ચાર શિક્ષિકાઓ છતાં નબળું શિક્ષણ : તો છેલ્લાં એક વર્ષથી રજુઆતો છતાં અધિકારીઓ પાપા પગલી કાર્યવાહી

પ્રાંતિજ તા.૯

વેકેશન બાદ સમગ્ર ગુજરાત માં શૌક્ષણિક કાર્ય તથા શાળાઓ ખુલવાની બે દિવસ બાકી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના રણછોડ પુરા ખાતે ગ્રામજનો દ્વારા નબળા શિક્ષણને લઈને શાળાએ તાળું મારી શાળામાં ફરજ બજાવતી ચારેય શિક્ષિકાઓ ની બદલીની માંગ કરી છે.

સરકાર દ્વારા લાખ્ખો રૂપિયા નો ખર્ચ કરી શિક્ષણ માં સુધારો થાય અને વિદ્યાર્થી ઓને ઉચ્ચ અને સારૂ ગુણવંતા નુ શિક્ષણ મળી રહે તે માટે દિવસે ને દિવસે અવનવા સુધારા કરેછે પણ જો શિક્ષણ આપનાર જ શિક્ષકો જ નબળાં હોયતો શું કરવાનું આવુંજ કાંઈક પ્રાંતિજના રણછોડ પુરા ગામે જોવાં મલ્યુ છે અહીં રણોછોડ પુરા પ્રાથમિક શાળા માં ૧ થી ૭ અભ્યાસ કરતાં બાળકો ને લખતા- વાંચતા પણ ના આવતાં અને શિક્ષણ નો ગેજ નીચે જતાં ગામના પ્રથમ નાગરિક ડેપ્યુટી સરપંચ ચૌહાણ દુરસિંહ કેશરીસિંહ તથા ગ્રામજનો તથા અગ્રણીઓ તથા વાલીઓ દ્વારા શાળામાં ફરજ બજાવતા શિક્ષિકાઓની બદલી ની માંગ કરવામાં આવી હતી ને તંત્રમાં લેખિત તથા મૌખિક ફરીયાદ કરી હતી અને જો ઉઘડતી શાળા પહેલાં જો ચારેય શિક્ષિકાઓની બદલી નહીં કરવામાં આવેતો વેકેશન બાદ શાળા ખુલતાં પહેલાં તાળાબંધી કરવામાં આવશે જે ને લઈને શાળા ખુલ્લામાં બે દિવસ બાકી છે ત્યારે ગ્રામજનો તથા એસએમસી ના સભ્યો સહિત લોકો એ શાળાને તાળાબંધી કરી હતી તો જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જે.કે.પટેલ તથા તાલુકા શિક્ષણાઅધિકારી ટી.કે.વાઘેલા તથા બીઆરસી જીજ્ઞેશભાઇ પટેલ સહિત ના અધિકારીઓ રણછોડપુરા ખાતે દોડી આવ્યાં હતાં અને ગ્રામજનો ને સમજાવવામાં આવ્યાં હતાં પણ ગ્રામજનો ની નબળા શિક્ષણ ને લઈને એકજ માંગ છે કે જયાં સુધી શાળાના ચારેય શિક્ષિકા ની બદલી નહીં કરવામાં આવે ત્યાં સુધી શાળા ના તાળાં ખોલવામાં આવશે નહીં ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આટલાં દિવસ થી સાઠગાંઠ કરનાર અધિકારી શું પગલાં લેશે એ તો હવે જોવું રહ્યું.





### અધિકારી જે.કે.પટેલ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાબરકાંઠાનું શું કહેવું થાય છે

શાળાના એસએમસી તથા ગ્રામજનો ની રજુઆત ને લઈ ને અમે શાળાએ આવ્યાં હતાં અને અમે ગ્રામજનો ને સમજાવ્યા કે શાળાએ તાળુ ના મારો અને આવેલ ફરીયાદ અમે ધ્યાને લઈને આગળ ની તપાસ સહિત કાર્યવાહી હાથધરી છે અને શાળા નું નવું શૈક્ષણિક સત્ર ચાલું થશે તે માટે વિદ્યાર્થીઓનુ ભવિષ્ય બગડે નહી તે માટે ગ્રામજનો ને સમજાવવા માટે અહી આવ્યાં હતાં પણ ગ્રામજનો એકજ માંગ ઉપર અડી ખમ છે અને જે આજે અમે ગ્રામજનો એસએમસી ના સભ્યો તથા વાલીઓ પાસે લેખિત મા જવાબ લીધો છે જે અમારાં ઉપલા અધિકારી ને રજુ કરીશું.

### બળવંત સિંહ શીવુસિંહ ચૌહાણ એસએમસી સભ્યનુ શું કહેવું છે

શાળા ચાલું હતી તે સમય થી અમે નબળા શિક્ષણ ને લઈને ચારેય શિક્ષિકાઓ ની બદલી ને ઉપલા અધિકારીઓ ને વેકેશન બાદ ઉઘડતી શાળાએ તાળાં મારવાની લેખિત તથા મૌખિક રજુઆતો કરી હતી પણ આજદીન સુધી કે શાળા ખુલવામા હવે બે દિવસ બાકી છે છતાં તંત્ર દ્વારા હજુ કોઈ જ કાર્યવાહી હાથ ધરવા આવી નથી જેથી અમે એસએમસી સભ્યો તથા ગ્રામજનો દ્વારા શાળા ખુલવાના બે દિવસ પહેલાં તારાં બધી કરી છે.

### દુરસિંહ કેસરીસિંહ ચૌહાણ (ડે. સરપંચ રણછોડપુરા)નું શું કહેવું છે

અમે અરજી આપી હતી પણ કોઈ જ પગલાં લેવાયાં નથી અને આજે શાળાએ તાળાં બંધી કરી છે એટલે અધિકારીઓ આવ્યાં છે પણ અમારી માંગ છેકે શાળાનાં ચારેય શિક્ષકો ની બદલી નહી થાય તો અમે તાળાં ખોલવા દઈ શું નહીં અને હિંમતનગર થી આવેલ અધિકારીઓ સાથે હાલ કોઈ સમાધાન થયું નથી અને ચારેય શિક્ષકો ની બદલી નહી થાય તો અમે બાળકો ને શાળાએ મોકલીશુ નહીં અને તાળાં ખોલી શું પણ નહીં.

### ચૌહાણ રંગુસિંહ લક્ષ્મણસિંહ (વાલી)નું શું કહેવું છે

મારો છોકરો ૧થી ૬ સુધી અહીં ભણ્યો અને તેને ૭ માં સોનાસણ ખાતે શાળામાં મુકવા ગયો તો તેણે એડમીશન મળતુ નથી અને તેને કશું નથી આવડતું આ શિક્ષિકાએ ભણાવ્યો જ નથી નહિ તો તેને એડમીશન મલી જાત અને બહેનોએ શાળામાં અટીઓજ રમીછે બાળકો ને ભણાવ્યા નથી અને બાળકો ને તેમના ધરે અને તેવો ની ખેતી માટે લઈ જવામાં આવે છે જેથી બાળકોને કક્કાનો ક એ આવડતો નથી.